ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1994/08/2023 તા.26/08/2023

## આજરોજ છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલયનું ખાતમુર્હત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું.

## આ જિલ્લામાં ભાજપના કાર્યકરોએ ભાજપનો ડંકો વગાડ્યો છે હવે જે કોંગ્રેસમાં વર્ષો સુધી રહ્યા તેમને પણ હવે લાગે છે કે કોંગ્રેસનું જહાજ ડુબવા તરફ જઇ રહ્યું છે :- શ્રી સી.આર.પાટીલ

## આજ સુધી દુનિયાના કોઇ દેશોએ સુર્ય પર જઇશું તેમ નથી કહ્યુ પણ મોદી સાહેબે કહ્યુ છે કે ભારત સુર્ય પર પહોચશે:- શ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું કે, કાર્યાલયને લયમાં લાવવા માટે કાર્યાલય હોવુ જરૂરી છે. આવનાર મહિનામાં કાર્યાલય અંહી ઝડપથી બની જાય તે નિર્ણય પાર્ટીએ કર્યો છે તેનો યશ અહીના કાર્યકરોને જાય છે. આ જિલ્લામાં ભાજપના કાર્યકરોએ ભાજપનો ડંકો વગાડ્યો છે હવે જે કોંગ્રેસમાં વર્ષો સુધી રહ્યા તેમને પણ હવે લાગે છે કે કોંગ્રેસનું જહાજ ડુબવા તરફ જઇ રહ્યું છે અને સમયસર બહાર આવ્યા અને ભાજપે તેમને આવકાર્યા છે. આપ પાર્ટીમાં તેમણે જોયુ છે કે તેમને જનતાની સેવા કરવાની ભાવના નથી તેમને ચૂંટણી જીતી ભ્રષ્ટાચાર કરવો છે. પરંતુ આજે કોંગ્રેસ અને આપના નેતાઓને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં કામ કરવા મળે અને તેમનામાં જનતાની સેવા કરવાની ભાવના છે એટલે ભાજપમાં જોડાયા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ એક પછી એક વિશ્વવિક્રમ કરતા જાય છે. ચંદ્ર પર યાન ઉતારવાની સફળતા દેશને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં મળી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

આજ સુધી દુનિયાના કોઇ દેશોએ સુર્ય પર જઇશું તેમ નથી કહ્યુ પણ મોદી સાહેબે કહ્યુ છે કે ભારત સુર્ય પર પહોચશે. આદિવાસી સમાજના વિકાસ માટે ઘણા કામો કર્યા છે અને કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આદિવાસી મહિલા રાષ્ટ્રપતી બનાવ્યા છે. કોંગ્રેસે આદિવાસીઓના મત માટે આદિવાસી સમાજ સાથે ફકત રાજકારણ કર્યું. વિધાનસભા ચૂંટણીમાં કાર્યકરોએ જે રીતે કામ કર્યુ છે તેનાથી મને વિશ્વાસ છે કે લોકસભા ચૂંટણીમાં પણ ભાજપનો ડંકો વાગશે.

આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, જીલ્લા સંગઠન પ્રભારીશ્રી રમેશભાઈ ઉકાણી, પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર, રાષ્ટ્રીય આદિજાતિ મોરચાના ઉપાધ્યક્ષશ્રી રામસિંહ રાઠવા, જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ઉપેન્દ્રસિંહ રાઠવા, જીલ્લા મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ પરમાર, વડોદરા મહાનગર પ્રમુખશ્રી ડૉ.વિજયભાઇ શાહ, જીલ્લા મહામંત્રીશ્રી રમેશભાઈ રાઠવા, પૂર્વ જીલ્લા પ્રમુખશ્રી જશુભાઇ રાઠવા સહિત સંગઠનના હોદ્દેદારો, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)